


## વાજપુરનાં જંગલોમાં વાંસોની તસ્કરીમાં મલાઈ જોઈ ગયેલાને ફાવતું જડી ગયું, જંગલમાં વાંસની તસ્કરી કરનારાં વાહનોમાંથી નંબર પ્લેટ જ કાઢી નાંખવામાં આવી

# નંબર વિના 'બેનંબર'નો વાંસનો ધંધો

**જો સીસીટીવી કેમેરામાં તસવીર કેદ થતી હોય તો નંબર પ્લેટ વગરનાં આવાં વાહનો સામે વન વિભાગની કેમ કોઇ કાર્યવાહી કરતો નથી?, વન સમિતિ કે ગ્રામસભાના ઠરાવના નામે વાંસોનો મોટાપાયે વેપલો, ચોક્કસ હિસાબ વનવિભાગની ચેકપોસ્ટો પર નોંધાતો નથી**

વ્યારાઃ સોનગઢમાં વાંસોની તસ્કરીનું મોટું રેકેટ વાજપુર રેંજના જંગલોમાં ચાલી રહ્યું છે. જંગલમાંથી વાંસો કાપી તેનું સીધું વેચાણ કરી શકાતું ન હોવાથી વિરપ્પનો નીતનવા નુસખા અપનાવી રહ્યા છે. વાજપુરનાં જંગલમાંથી કેટલા વાંસો ઊંચકાયા તેનો સરકારી ચોપડે કોઇ ચોક્કસ હિસાબ નથી. વન વિભાગની ચેકપોસ્ટો પર કોઈ નોંધણી કરાતી નથી. તેવામાં જંગલમાં તસ્કરી અટકાવવા જંગલના પ્રવેશદ્વારો પર વનપ્રહરી એપ્લિકેશન સાથે વનપ્રહરી પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જેના કંટ્રોલ રૂમ પણ શરૂ કરાયા છે, જેમાં સી.સી.ટી.વી. કેમેરાની મદદથી વાહનની નંબર પ્લેટ સ્કેન કરીને આર.ટી.ઓ. અને ક્રાઈમ ડેટાબેઝ સાથે તેની ચકાસણીના દાવાઓ કરાયા છે. પરંતુ વિરપ્પનોએ જંગલમાં નંબર પ્લેટ વગરનાં વાહનોનો ઉપયોગ શરૂ કરી આ પ્રોજેક્ટની મશ્કરી કરતા હોય જેવો ઘાટ સર્જ્યો છે.



### આરએફઓ હિતેન્દ્ર ચૌધરીનો સંપર્ક ન થયો

વાજપુરના જંગલમાં વાંસ ભરી નંબર પ્લેટ વગરની દોડતી ટ્રકો વિશેની વિગત મેળવવા આરએફઓ હિતેન્દ્ર ચૌધરીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ સંપર્ક થઈ શક્યો ન હતો.

વનપ્રહરી પ્રોજેક્ટમાં દાવાઓ કરાયા છે કે, વાહન શંકાસ્પદ હોય, તો તે ફોરેસ્ટ ઓફિસર અને અધિકારીઓને સૂચિત કરે છે. આ સિસ્ટમથી લાકડાંની ચોરી, વન સંસાધનોનો દુરુપયોગ, વન્યજીવ સંરક્ષણ અને ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવા માટે વન વિભાગ વધુ સશક્ત બનશે. પણ આવા દાવાઓ વચ્ચે જંગલમાં વાંસની તસ્કરી કરનારાં વાહનોમાંથી નંબર પ્લેટ જ કાઢી નાંખવામાં આવી છે. ત્યારે વન પ્રહરી આ પ્રોજેક્ટમાં નંબર પ્લેટ વગરનાં વાહનોની વિગત આવે છે કે કેમ? જો સીસીટીવી કેમેરામાં કેદ થતી હોય તો નંબર પ્લેટ વગરનાં વાહનો સામે વન વિભાગ કોઈ કાર્યવાહી કેમ કરતો નથી? આવા સમય આ પ્રોજેક્ટની સફળતાના વન વિભાગના દાવાઓનો ફિયાસ્કો થતો હોવાનો આભાસ વન વિભાગના વોંચમેન કે સિક્યુરિટી વિનાની લાવારિશ મુકાયેલી ચેકપોસ્ટો પરથી થઈ રહ્યો છે. જંગલોની સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા માટે AI આધારીત 'વન પ્રહરી'- 'ગરૂડા' પ્રોજેક્ટ વન વિભાગ અને AMNSના સંયુક્ત ઉપક્રમે અમલમાં મૂકવામાં આવ્યો છે. જો ખરેખર આ પ્રોજેક્ટનો ગંભીરતાથી ઉપયોગ થાય તો ગુજરાતનાં જંગલો તો વધુ સુરક્ષિત અને મજબૂત બને, સાથે સાથે ગુનાહીત પ્રવૃત્તિઓને રોકવા તથા ઉકેલવામાં પણ મદદ મળે, પરંતુ અહીં કેમેરામાં કેદ થતા નંબર પ્લેટ વગરનાં વાહનો સામે કોઈ પગલાં લેવાતાં નથી.

બોરદા રાઉન્ડના ગડદાખાડી ફોરેસ્ટ ચેકિંગ નાકા થઈ જંગલમાંથી નંબર પ્લેટ વિનાની ટ્રકો વાંસ ભરી વન વિભાગના ચેકપોસ્ટ પરથી પસાર થતી મીડિયાના કેમેરામાં કેદ થઈ રહી છે. પરંતુ વન પ્રહરીના કેમેરામાં આ ટ્રકની તસવીરો કેદ થતી હોય તેમ લાગતું નથી. કારણ કે, વન વિભાગે નંબર પ્લેટ વગરની જંગલમાં ફરતી ટ્રક મામલે હજુ સુધી આરટીઓમાં કોઈ ફરિયાદ કે આ મામલે તપાસ સુધ્ધા કરાવી નથી. જો કે, વાંસનો બારોબાર વેપલો થઈ રહ્યાની ગંભીર બાબત વન વિભાગના ઉચ્ચ અધિકારીના ધ્યાને વારંવાર લાવવામાં આવી, પરંતુ હજુ સુધી વાજપુર રેન્જના બિન અધિકૃત વાંસ કટિંગ બાબતે નિષ્પક્ષે તપાસનો કોઈ આદેશ થયો નથી. વન સમિતિના નામે વાંસો ભરી ટ્રકો દોડી રહી છે. જેનો કોઈ ચોક્કસ હિસાબ વનવિભાગની ચેકપોસ્ટો પર પણ નોંધાતો નથી. પહેલાં વન વિભાગે ચેકપોસ્ટો કોઈપણ કર્મચારી વિના ખુલ્લી મૂકી હતી અને હવે વનપ્રહરી પ્રોજેક્ટના નામે જો ચેકપોસ્ટો પર વન કર્મચારીઓની નિમણૂક જ કરવાની ન હતી તો ચેકપોસ્ટના બાંધકામ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ શા માટે? મોટો સવાલ વન સુરક્ષાને લઈ ઊઠ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડોલવણમાં બાઇક અકસ્માતમાં ઘાયલ એકનું મોત

વ્યારાઃ ડોલવણના પાટી ગામે તા.૧૮/૨/૨૦૨૫ના રોજ સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં બજાજ મોટરસાઇકલ નં.(GJ-26-AA-0224)ના ચાલકે પાટી ગામે મહાદેવ ફળિયામાં રહેતા બાબુસિંગભાઈ ડાહ્યાભાઇ ગામીતની હીરો સ્પ્લેન્ડર મોટરસાઇકલ નં.(GJ-26-H-0667)ને ટક્કર મારતાં બાબુભાઇ ગામીતના કપાળના ભાગે ગંભીર ઇજા થઇ હતી. જેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### બારડોલીમાં વૃદ્ધનું બેભાન થયા બાદ મોત

બારડોલીઃ બારડોલીના સ્ટેશન રોડ સ્થિત જલારામ મંદિરની સામે ટેલિફોન ક્વાર્ટરના એક ઘરમાં રહેતા 66 વર્ષીય વૃદ્ધનું અચાનક બેભાન થયા બાદ મોત નીપજ્યું હતું. આ અંગે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. જગદેવપ્રસાદ નનકુપ્રસાદ મૌર્ય નિવૃત્ત જીવન જીવતા હતા અને મૂળ ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લાના મોહમ્મદપુર કુચારિયા ગામના વતની હતા.

### નવી પારડીમાં યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

કામરેજઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને કામરેજના નવી પારડી ગામે આસ્થા ઇન્ડસ્ટ્રીઝમાં વિભાગ-૧માં કેનાલ રોડ પર ખાતા નં.૯૨થી ૯૪માં મોહનસિંગ ભાગીરથ નિષાદ (ઉં.વ.૨૫)એ સોમવારે સાંજે અગમ્ય કારણસર પોતાના રૂમમાં છતની એંગલ સાથે કાપડના ગમછો બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઓલપાડમાં ડો.આંબેડકર બ્રિજનું સવારે લોકાર્પણ, બીજા દિવસે એકને મોત ભરખી ગયું

સાયણઃ હાંસોટના ઇલાવ ગામે રહેતા ફેનિલ ચેતનકુમાર મોદી ટેમ્પો ડ્રાઇવિંગ કરે છે. ફેનિલ મોદી ગત સોમવાર, તા.૧૫ના રોજ સવારે ૬ કલાકે તેના કબજાનો મહિન્દ્રા બોલેરો પિકઅપ નં.(જીજે-૧૬, એ.ડબ્લ્યૂ-૫૬૯૦) હંકારી ઓલપાડમાં પરિમલ ટોકીઝથી સાયણ ફાંટા તરફ જતા નવનિર્મિત ડો.બાબાસાહેબ આંબેડકર બ્રિજ પરથી પૂરઝડપે હંકારી જઈ રહ્યો હતો. જ્યારે સાંઈવાડ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે પિકઅપ બોલેરો પૂરઝડપે હોવાથી સ્પીડ બ્રેકર કુદાવી દીધું હતું. આ સમયે રોડ ઉપર પોતાની મો.સા.નં.( જીજે-૦૫,બીઆર-૩૯૪૧) હંકારી જઈ રહેલા ગિરીશભાઇ છગનભાઇ આહિર (ઉં.વ.૪૬) (રહે., સરસ રોડ, પરા વિસ્તાર, આહિરવાડ, ઓલપાડ) અને તેની પત્ની ધર્મિષ્ઠાબેનને પાછળથી ટક્કર મારતાં ગિરીશભાઇને ગંભીર ઇજા થઈ હતી. જ્યારે પત્ની ધર્મિષ્ઠાબેનને પણ ઇજા પહોંચતાં બંનેને સારવાર અર્થે સુરત-રાંદેર રોડ ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે ગિરીશ આહિરને મોડી સાંજે મૃત જાહેર કર્યા હતા. જ્યારે પત્ની હાલમાં હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહી છે. આ બાબતે મૃતકના સંબંધી રાજેશ જેરામભાઇ આહીરે ઓલપાડ પોલીસમથકમાં ફેનિલ મોદી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. નિતેશ માનસિંગ કરી રહ્યા છે.

### પિતૃવિધિમાં જઈ રહેલો ટેમ્પો કોસંબા નજીક પલટી જતાં બેને ઇજા




હથોડાઃ પિતૃ વિધિ હોવાથી નવસારીથી ચાંદોદ નર્મદા નદી ખાતે જઈ રહેલા જીજે 15 એક્સએક્સ 4714 નંબરના પિકઅપ ટેમ્પોની કોસંબા ઓવરબ્રિજ નજીક એક્સલ તૂટતાં ટેમ્પો પલટી જતાં ટેમ્પોમાં સવાર લીલુબેન ધર્મેશભાઈ ભરવાડને ડાબા હાથના કાંડાના ભાગે તથા શકુબેન જીવણભાઈ ભરવાડને જમણા ખભા ઉપર સામાન્ય ઈજા થઈ હતી. જો કે, આ બનાવ અંગે આ લખાય છે ત્યાં સુધી ફરિયાદ દાખલ થઈ નથી.

### નવાપરામાં 14 વર્ષની કિશોરીનો આપઘાત

હથોડાઃ મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ કોસંબાના નવાપરા મોટા બોરસરા ખાતે ત્રિવેણી કોમ્પ્લેક્સમાં રહેતી પરપ્રાંતિય 14 વર્ષની કિશોરીએ ઘરમાં એકલતાનો લાભ લઈ અગમ્ય કારણસર રૂમનો દરવાજો બંધ કરી પંખા સાથે સાડીના કટકા વડે ફાંસો ખાઈ લીધો હતો. મોડી સાંજે પાલોદ પોલીસ ચોકીના જમાદાર અશોકભાઈ ભરતભાઈએ લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

## બારડોલીથી ચપ્પુ સાથે બે ઈસમ ઝડપાયા

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે બે અલગ અલગ કેસમાં ચપ્પુ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે. બારડોલી ટાઉન પોલીસની એક ટીમ ગતરોજ બાબેન ગામની સીમમાં મોતા રોડ પર પેટ્રોલિંગમાં હતી. એ સમયે જોગણી માતા મંદિર પાસે એક શંકાસ્પદ ઈસમ આવતાં તેની તલાશી લેતાં તેની પાસેથી ચપ્પુ મળી આવ્યું હતું. પોલીસે રાજુભાઈ દોલતભાઈ વસાઈકર (ઉં.વ.30) (રહે., સંજયનગર, કાલી બસ્તી, બાબેન, તા. બારડોલી)ની અટકાયત કરી હતી. જ્યારે અન્ય એક બારડોલીના તલાવડી વિસ્તારમાં રંગ ઉપવનની પાછળથી લાલચંદ નાગુભાઈ ગાયકવાડ (ઉં.વ.35) (રહે., રંગઉપવનની પાછળ, બારડોલી)ની ધરપકડ કરી હતી. પોલીસે બંને વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

## સુરતના શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝના પ્રોપાઈટર સામે રૂ.૧૦ લાખની છેતરપિંડીની ફરિયાદ

**બંક** બેડનું ટેન્ડર લાગવાનું છે કહી ડિપોઝિટ પેટે રૂ.૧૦ લાખ લઈ ટેન્ડર મળ્યા બાદ ફોન બ્લોક કરી દીધા

વ્યારાઃ વ્યારાના ચાંપાવાડીના મેરાલી યાહા એન્ટરપ્રાઈઝ ઓપીસી પ્રા.લિ.ના ડાયરેક્ટરને બંક બેડનું ટેન્ડર લાગવાનું હોય તે બનાવવાનો ઓર્ડરના ડિપોઝિટ પેટે સુરત શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝના પ્રોપાઈટરને રૂ.૧૦ લાખ આપ્યા હતા. પરંતુ ટેન્ડર મળ્યા બાદ બંક બેડની પૂર્તતા કર્યા વિના મેરાલી યાહા એન્ટરપ્રાઈઝના ડાયરેક્ટર અને તેના મેનેજરનો ફોન બ્લોક કરી દેતાં ૧૦ લાખની છેતરપિંડી કરનાર સુરતની સાંઇ એન્ટરપ્રાઈઝ વિરુદ્ધ કાકરાપાર પોલીસમથકે ગુનો નોંધાયો હતો.

વ્યારાના ચાંપાવાડી ગામે ઉપલા ફળિયામાં રહેતા મેરાલી યાહા એન્ટરપ્રાઈઝ ઓપીસી પ્રા. લિ.ના ડાયરેક્ટર રાજેન્દ્રસિંહ એમ. ચૌહાણને બંક બેડનો કોન્ટ્રાક્ટ મળવાનો હોય કાર્તિકકુમાર રમેશચંન્દ્ર મુજડિયા (રહે.,બી-૧૦૨, રોયલ રેસિડન્સી, મહાલક્ષ્મી મંદિરની સામે, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત)ને તા.૨૧/૧૨/૨૦૨૪ના રોજ ૩:૫૫ વાગે ઈન્ટરનેશનલ બિઝનેસ સેન્ટર પીપલોદ ખાતે સ્ટારબક્સ કોફી કેફેમાં રૂબરૂ મળીને ટેન્ડર મળવાની અપેક્ષાએ ટેન્ડર મુજબના બંક બેડ બનાવવાનો ઓર્ડર આપવા નેટ બેંકિંગ દ્વારા એડ્વાન્સ ટોકન પેટે રૂ.૧૦ લાખ શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝના કોટાક મહિન્દ્રા બેન્ક સિદ્ધિ પ્લાઝા શોપ નં.૨ ગ્રાઉન્ડ ફ્લોર સુરતના ખાતામાં નાંખ્યા હતા. રાજેન્દ્રસિંહ ચૌહાણના આઈસીઆઈસીઆઈ બેન્ક વ્યારાના કરન્ટ એકાઉન્ટમાંથી આ રકમ ટ્રાન્સફર કારવામાં આવ્યા હતા, જેમાં સૌપ્રથમ રૂ.૧ ટ્રાન્સફર કર્યો, ત્યાર બાદ રૂ.૯,૯૯,૯૯૯ RTGS દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

ટેન્ડર પ્રક્રિયામાં પ્રતિસ્પર્ધી હોવાથી L2 તરીકે આવ્યાની જાણ રાજેન્દ્રસિંહને હોવા છતાં તેમણે કાર્તિક મુજડિયાને બેંક બેડ બનાવવા એડ્વાન્સ પેટે રૂ.૧૦ લાખ આપ્યા અને ઓર્ડરની બાકીની ૫૦% રકમ આપવાનો અવારનવાર પ્રયત્ન કરવા છતાં રાજેન્દ્રસિંહ ચૌહાણ તથા તેના મેનેજરના મોબાઈલ નંબરો બ્લોક કરી તેમણે મેળવેલા ટેન્ડરનો માલસામાન સમયમર્યાદામાં પૂરો નહીં પાડી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું હતું. તેમની પાસેથી એડ્વાન્સના ટોકન પેટે રૂ.૧૦ લાખ લઈ વિશ્વાસઘાત કરતાં રાજેન્દ્રસિંહે આ અંગે સાંઈ એન્ટરપ્રાઈઝના પ્રોપાઈટર કાર્તિક મુજડિયા વિરુદ્ધ કાકરાપાર પોલીસમથકે ફરિયાદ કરી છે.

## ભેંસુદલામાં કચરો ખાતી મહિલાની લોકોએ પૂછપરછ કરી તો પથ્થરમારો કર્યો!

**જાગૃત** નાગરિકની મદદથી 181ની ટીમે અજાણી મહિલાને સહારો અપાવ્યો



બારડોલીઃ એક જાગૃત નાગરિકની સતર્કતા અને 181 મહિલા હેલ્પલાઇનની ત્વરિત કાર્યવાહીને પગલે બારડોલીના ભેંસુદલા ગામમાં ભટકી રહેલી એક અજાણી મહિલાને આશ્રય મળ્યો છે. આશરે 45 વર્ષની આ મહિલા બપોરથી ગામના મોટા ફળિયામાં આંટાફેરા કરી રહી હતી અને ભૂખ લાગવાના કારણે કચરો વિણીને ખાતી હતી. ગામલોકોએ પૂછપરછ કરતાં મહિલા ગભરાઈને ભાગવા લાગી હતી અને સામે પથ્થરમારો પણ કર્યો હતો. આથી ચિંતિત ગ્રામજનોએ તાત્કાલિક 181 મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરીને મદદ માંગી હતી.

181ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમના સભ્યોએ મહિલા સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. મહિલા હિન્દી અને મરાઠી ભાષામાં વાત કરી રહી હતી. કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ પોતાનું નામ જણાવ્યું અને બેંગ્લુરુની રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તેણીએ કડિયાકામ કરવા માટે ઘરેથી આવી હોવાનું પણ જણાવ્યું હતું. મહિલાના જણાવ્યા અનુસાર તેમને પતિ અને છ સંતાન છે, પરંતુ તેઓ અહીં એકલાં કામ કરે છે. 181ની ટીમે તાત્કાલિક બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં આ અંગે રિપોર્ટ નોંધાવ્યો હતો. ત્યારબાદ મહિલાને ઓલ્ડ એજ હોમમાં આશ્રય અપાવવામાં આવ્યો છે.


**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૬/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૫/૦૪/૨૦૨૫

વાદી: અલકાબેન છનાભાઈ ઢોડીયા, રહે. ટેકરા ફળીયુ, મુ.પો.વાલોડ, તા.વાલોડ, જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી એના એના ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી અલકાબેન છનાભાઈ ઢોડીયા, રહે. ટેકરા ફળીયુ, મુ.પો.વાલોડ, તા.વાલોડ, જી.તાપીના જન્મ તા.01/01/1972 ના રોજ એના, તા.પલસાણા, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૨૦/૫/૨૦૨૫ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૯૮/૨૦૨૫
તા.૨૬/૦૩/૨૦૨૫

વાદી :- મલેક મોહમદ હનીફ મલેક, રહે.દરગાહ ફળીયું, કોઠવા, તા.માંગરોળ, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોઠવા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મલેક મોહમદ હનીફ મલેક, રહે.દરગાહ ફળીયું, કોઠવા, તા.માંગરોળ, જી.સુરતએ તેઓના પિતા મલેક મુસ્તુફા મલેકનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મલેક મુસ્તુફા મલેક ૨. મરણ તારીખ: ૧૦/૧૨/૧૯૭૬ ૩. મરણનું સ્થળ: મોજે.કોઠવા, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે મલેક મુસ્તુફા મલેકના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૮/૦૪/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત

**વેચાણ અંગેની જાહેર નોટીશ**

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે, મોજે મોતા, તા. બારડોલી, જી. સુરતના રેવન્યુ દફતરે રે.સ.નં. ૭૦૧/૧+૨+૩/અ, બ્લોકનં.૧૧૭૪થી નોંધાયેલ કુલ હે. ૧-૬૭-૯૫ચો.મી. ખાતાનં. ૧૨૭ આકાર રૂા.૨૪=૧૯વાળી ખેતિની જુની શરતની જમીનના માલિક હરેશકુમાર મગનભાઈ દેસાઈ તથા મોજે મોતાના જ રે.સ.નં. બ્લોકનં. ૭૦૧/૧+૨+૩, બ્લોકનં.૧૧૭૫થી નોંધાયેલ કુલ હે. ૧-૬૭-૯૫ચો.મી. ખાતાનં. ૧૨૯ આકાર રૂા.૨૪=૧૨વાળી ખેતિની જુની શરતની જમીનના માલિક હેમંતકુમાર મગનલાલ દેસાઈ, બન્ને રહેઃ મોજે મોતા, તા. બારડોલી., જી. સુરતના નામે ચાલી આવેલ છે. જેઓએ સદરહું જમીનો પોત-પોતાની કુલ સ્વતંત્ર માલિકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીનોમાં કોઈનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર-તકરાર, હિતસંબંધ કે ઈઝમેન્ટ તથા ખાધા ખોરાકી-પોષાકીનો હકક હોય અગર કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો તેમણે દિન-૭માં લેખિત પુરાવાઓ સહીત અમોને નીચે જણાવેલા સરનામે આવી પુરવાર કરી બતાવવું. જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર-તકરાર, હિતસંબંધ કે અન્ય કોઈપણ જાતના હકકો ન હતા અને નથી, અને જો તેવા કોઈ હકકો હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ માની અમારા અસીલ મુદત વિત્યે પાકા લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી છેવટની લેખિત નોંધ લેવી.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી એન્ડ હાર્દિક એ. મોદી-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩


## માંડવીના ધોબણી નાકા પાસે કારમાં આગ લાગી

માંડવીઃ માંડવીના ધોબણી નાકા પાસેથી પસાર થતી ઈનોવા ગાડી નં.(GJ-21- AA-9097)ના માલિક જિતેન્દ્ર ઉમેદભાઈ પટેલ (રહે.,નાની બામટી, ધરમપુર) પોતાના કામ અર્થે ઝંખવાવ તરફ જતા હતા. દરમિયાન બેટરીમાં શોર્ટ સર્કિટ કારણે એકાએક આગ લાગી હતી. ગાડી ચાલકે સમયસૂચકતા વાપરી ગાડીમાંથી ઊતરી પાણીનો છંટકાવ કરતાં આગ કાબૂમાં આવી હતી. પરંતુ કોઈ જાનહાનિ થઈ ન હતી. આ બનાવમાં ગાડીના આગળના બોનેટના ભાગનું વાયરિંગ બળીને ખાખ થયું હતું. આગ લાગ્યાની જાણ થતાં જ માંડવી નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી.


Milano MULTIPLEX

બારડોલી

Jaat
10:00am, 12:00pm,
03:00pm, 06:00pm,
09:00pm, 10:00pm

Sikandar
01:00pm, 07:00pm,
09:30pm

All The Best Pandya
Gujarati - 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333


## બારડોલીમાં રીંગણની ખરીદીની અદાવતમાં શાકભાજી વિક્રેતાઓ બાખડ્યા

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસને મંગળવારે શાકભાજી માર્કેટમાં ઝઘડો થતો હોવાની માહિતી મળતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. જ્યાં કેટલાક ઈસમો અંદરોઅંદર બોલાચાલી કરી છૂટા હાથની મારામારી કરી રહ્યા હતા. આથી પોલીસ તેમને છૂટા પાડી પોલીસ સ્ટેશન લઈ આવી હતી. શાકભાજી વિક્રેતાઓ રફીક કલ્લુ પઠાણ (રહે.,આશિયાનાનગર, બારડોલી), પીન્ટુભાઈ રામજીભાઈ શાહ (રહે., શાલીગ્રામ રેસિડેન્સી, બારડોલી), પ્રદીપભાઈ રામજીભાઈ શાહ (રહે., શાલીગ્રામ સોસાયટી, બારડોલી), ગુલશન અલી સલામત અલી બાગવાન (રહે., સુરતી પાર્ક, બારડોલી), મોસીન સલિમ કાજી (રહે., ઈસ્લામપુરા, કોળીવાડ, બારડોલી), સુનીલ ગણેશ શાહ (રહે., અભિરામનગર, બારડોલી) અને સલમાન સઈદ રાયન (રહે., આશિયાનાનગર, બારડોલી)ને પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, બે દિવસ પહેલાં શાકભાજી માર્કેમાં ખેડૂત પાસેથી રીંગણ ખરીદી બાબતે ઝઘડો થયો હતો. તેની અદાવત રાખી ફરી વખત આ શાકભાજી વિક્રેતાઓ અંદરોઅંદર બાખડ્યા હતા. પોલીસે તેમની વિરુદ્ધ ઝઘડો કરવા બદલ ગુનો નોંધી તમામની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## અમલસાડ, અંધેશ્વર મંદિરની રજતજયંતી પર્વે નવીન પ્રકલ્પોનું મંત્રી સી.આર. પાટીલનાં હસ્તે લોકાર્પણ





**પાણી માટે ભવિષ્યમાં ત્રીજું વિશ્વયુદ્ધ થશેઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ**

અમલસાડઃ તા. ૧૩/૦૪/૨૦૨૫ ને રવિવારે સાંજે અંધેશ્વર મહાદેવ મંદિર, અમલસાડની રજત જ્યંતી પર્વે સોળ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ દ્રાદશ જ્યોતિર્લિંગ, શિવ બ્રહ્માંડ ઉપવન, રામકુટિર, સાંઈકુટિર, નવગ્રહ તથા અલ્પાહારગૃહ વગેરે નવીન પ્રકલ્પોનું કેન્દ્રીય જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલનાં હસ્તે લોકાર્પણ કરાયું હતું.

શ્રી અંધેશ્વર મંદિર ટ્રસ્ટના પ્રમુખ ડો. નિમેષ વશીએ સૌને આવકારતાં કહ્યું હતું કે ૮૦૦ વર્ષ પૂરાણા આ મંદિરનો ૧૨મી સદીમાં બહારી આક્રમણ દરમ્યાન નાશ થયો હતો અને આશરે ૩૨૫ વર્ષ પૂર્વે ગામલોકોએ એક નાનું મંદિર બનાવ્યું હતું. એ મંદિરનો સને ૨૦૦૧ માં જીર્ણોધ્ધાર કરાયો હતો. ૨૫ વર્ષના તબકકાવાર વિકાસમાં અમારા પારિવારીક ટ્રસ્ટ તથા એન્વાયરો કન્ટ્રોલ પ્રા. લી. સુરતે ઉમદા ભાવે રૂા. ૩૧ કરોડનું દાન ઉપરાંત સમયનું પણ યોગદાન આપ્યું છે. દાન કરતાં સમય મૂલ્યવાન છે. અમલસાડ અને સરીબુજરંગ બે જોડીયા ગામ છે. મારું પ્રાથમિક શિક્ષણ સરીબુજરંગ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અમલસાડ ગામે હતું અને મારે બંને ગામનું રૂણ ચૂકવવાનું હતું. અમલસાડ ગામમાં ધાર્મિક અને સામાજીક પ્રસંગો માટે સાંસ્કૃતિક હોલ તૈયાર થયો છે અને સરીબુજરંગમાં ત્રણ વર્ષ અગાઉ રૂા. ૪ કરોડના ખર્ચે સ્મશાનગૃહ બનાવવામાં આવ્યું કે જેનો આર્કિટેકટની દ્રષ્ટીએ દેશના પ્રથમ પાંચ સ્મશાનગૃહમાં નંબર આવે છે. સમાજની જરૂરીયાતોમાં મદદરૂપ થઈ પડે તે હેતુ તથા આ બંને પ્રોજેકટોના નિભાવ ખર્ચ માટે અમારા પારિવારીક ટ્રસ્ટ તરફથી દર વર્ષે રૂ.૧૧-૧૧ લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તે ઉપરાંત, ૧૦ લાખથી ઓછી આવક ધરાવતા અનાવિલ પરિવારની દિકરીના લગ્ન અંધેશ્વર મહાદેવ સંકુલમાં કરવામાં આવે તો તેમને અમારા પારિવારિક 'પ્રિત ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા સંકુલની સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સહાયનો લાભ અન્ય સમાજની જરૂરીયાતમંદ દિકરીઓ પણ લઈ શકશે. આ પ્રસંગે શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરને ૬૫ લાખનું દાન આપનાર ઉ સંદિપભાઈ આસોલકર, CMD-એસ.એફ.સી., મુંબઈના નામે પર્યાવરણ માહિતી કેન્દ્ર બનાવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, ડો. નિમેષ વશીએ ૨૫ વર્ષ દરમ્યાન જે નિર્માણ કર્યું છે એનો ઈતિહાસ આપ સૌની નજર સમક્ષ છે. મેં શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી છે. ડો. નિમેષ વશી ટેકનોલોજીના માણસ છે. હું દક્ષિણ ગુજરાતની વાત મારા મંત્રાલયમાં ગૌરવપૂર્વક રજુ કરું છું. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સો ગરણે પાણી ગાળ્યા પછી પાણી પીવે. ટેકનોલોજી અને વ્યકિત સારી હોય તો જ ઉદઘાટનમાં જાય છે. એમણે ડો. નિમેષ વશીના મહત્વના પ્લાન્ટો લોકાર્પણ કર્યા છે. નાના ગામમાંથી નીકળેલા વ્યક્તિની છલાંગ એટલી મોટી છે કે આપણા દેશમાં કાર્યરત વોટર અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સૌથી વધુ એમના પ્લાન્ટ છે. દેશમાં સુએઝ-રિયુઝ અને રીસાઈકલ, ટર્શરી ટ્રીટમેન્ટનો અમલ કરવાનો શ્રેય ડો. નિમેષ વશીને જાય છે. જળશકિત મંત્રીએ કેચ ધ રેઈન જળસંચય અભિયાનમાં બે મહિના અગાઉ ૧૦ લાખ સ્ટ્રકચર પુરા કરાયા સહિતની અનેક માહિતી આપી હતી. શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે ત્રીજુ વિશ્વયુદ્ધ પાણી માટે થશે પરંતુ ભારતમાં શ્રી મોદી સાહેબના કરાયેલા પ્રયાસોથી એની સૌથી ઓછી અસર થશે. શ્રી પાટીલે એમના જળશક્તિ મંત્રાલય દ્વારા કરાયેલી કામગીરીની માહિતી આપી હતી અને લોકોને એમાં જોડાવાની અપીલ કરી હતી. સમારંભના અતિથિવિશેષ અને પર્યાવરણવીદ શ્રી સંદિપ આસોલકર, CMD-એસ. એફ.સી., મુંબઈ એ જણાવ્યું હતું કે ડો. નિમેષ વશી તથા ડો. આનંદ વશીએ અત્યાર સુધી દુનિયાની બધી જ આધુનિક ટેકનોલોજી ઉપર વોટર, સુએઝ, ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, તથા મેમ્બરેઈન બેઈઝ વોટર અને ટરશીયરી ટ્રીટમેન્ટ પ્લાન્ટો બનાવ્યા છે. ડો. નિમેષ વશી ભારતમાં આ ક્ષેત્રમાં ૫૦ વર્ષનો સૌથી વધુ અનુભવ ધરાવતા આ કાર્યક્ષેત્રના તજજ્ઞ અને "ગુરૂ"છે આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, સેવકો, મંદિરના કર્મચારીઓ તથા પ્રોજેકટના કન્સલ્ટન્ટ / આર્કિટેકટ શ્રી કોબિલ્ડ અને પીપલ કોલાજ, અમદાવાદનું સન્માન કરવામાં આવ્યું હતું અને મંદિરના કર્મચારીઓને રૂા. ૨૫ હજારના પુરસ્કાર સાથે સન્માનિત કરાયા હતા. મુંબઈના સાયલી કાંબલેએ ભજનો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શ્રી પરેશભાઈ દેસાઈ (નવસારી જીલ્લા પંચાયત પ્રમુખ) ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી વિધાનસભા), ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ (નવસારી વિધાનસભા), ભારતીબેન વશી, સહિત વિભાગના તથા સુરત શહેરનાં અગ્રણીઓ ઉપરાંત એન્વાયરો કન્ટ્રોલ પ્રા.લી., સુરતના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.